બાકી લેણાંની વસૂલાતને લઇને કડક કાર્યવાહી

એએમસી દ્વારા ટેક્ષ વસુલાત ઝુંબેશ : અનેક મિલકતો સીલ

સૌથી વધારે ૨૦૫ મિલકતો પુર્વ ઝોન તથા પશ્ચિમ ઝોનમાં સીલ કરવામાં આવેલ છે, જેમાં પ્રોપર્ટી ટેક્ષની કુલ આવક રૂપિયા ૯.૩૮ કરોડ થયેલ છે

અમદાવાદ, તા.૨૮

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્રોપર્ટી ટેક્ષ વસુલાત ઝુંબેશ અંતર્ગત ૨૩ ફેબ્રુઆરીના રોજ બાકી કરદાતાઓ પૈકી ૧૦૧૫ મિલકતોને સીલ કરવામાં આવેલ છે. જેમાં સૌથી વધારે ૨૦૫ મિલકતો પુર્વ ઝોન તથા પશ્ચિમ ઝોનમાં સીલ કરવામાં આવેલ છે. જેમાં પ્રોપર્ટી ટેક્ષની કુલ આવક રૂપિયા ૯.૩૮ કરોડ થયેલ છે. જ્યારે પશ્ચિમ ઝોન ટેક્ષ ખાતા તરફથી કોમર્શીયલ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરાયેલ છે. અમદાવાદ કોર્પોરેશન તરફી વ્યાજ માફી સ્કીમ ચાલુ હોઇ તેમ છતાં ઘણાં સમયથી મિલકત વેરો નહિં ભરનાર ડિફોલ્ટરો સામે જુના કર વેરા વસુલવા વ્યક્તિગત કોમ્પલેક્ષમાં જઇ બાકીદારોની મિલકતો સીલ કરવાની કાર્યવાહી મુજબ ૨૭ ફેબ્રુઆરી સોમવારના રોજ પશ્ચિમ ઝોનના જુદા જુદા વિસ્તારમાં ૨૮૭ મિલકતોને સીલો મારવામાં આવેલ છે. જ્યારે પશ્ચિમ ઝોનમાં દેવઆશિષ કોમ્પલેક્ષ, ઉષાદીપ કોમ્પલેક્ષ, શુભમ કોમ્પલેક્ષ, નવરંગપુરા મેડીકેર સેન્ટર, મહાકાંત એલીસબ્રીજ, સ્વામીનારાયણ પાર્ક,નવા વાડજ, ઉર્જા શક્તિ, મોટેરા, હિમાલયા પિનાકલ, ચાંદખેડા અને મહાવીર ટાવર, પાલડીમાં મિલકતોને સીલ કરવામાં આવી છે. જ્યારે મ્યુનિસિપલ ટેક્ષ નોટીસો કે ચેતવણીઓ પ્રત્યે બિનગંભીર ડિફોલ્ટરો સામે જરૂર પડ્યે આવી મિલકતોના પાણી-ડ્રેનેજ કનેક્શન પણ કાપવામાં આવશે ત્યારબાદ મિલકતો જપ્ત કરી ટાંચમાં લઇ હરાજી તથા વેચાણ જેવી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. આવા ડિફોલ્ટરોને તાત્કાલીક મિલકત વેરો ભરવા બાબતે તાકીદ કરવામાં આવે છે તથા આવનાર દિવસોમાં પણ મિલકત વેરાની વસુલાતની તથા સીલીંગ કરવાની કામગીરીને વધુ સઘન ઝુંબેશ રૂપે હાથ ઘરવામાં આવનાર છે.પૂર્વઝોન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રોપર્ટી ટેક્ષ વિભાગ દ્વારા રોજ રૂપિયા ૨.૩૩કરોડની ટેક્ષની જંગી વસૂલાત તથા બાકી કરદાતાઓના ૧૩૮ એકમો સીલ કરવામાં આવ્યા છે. પૂર્વઝોનમાં વિવિધ વોર્ડના એકમોને સીલ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી (૧) શુભ લક્ષ્મી એસ્ટેટ, રખિયાલ (૨) રુદ્ધ બિઝનેસ પાર્ક, વસ્ત્રાલ (૩) પંચામ્રુત રેસીડેન્સી, નિકોલ (૪) ગોલ્ડન કોમ્પલેક્ષ, ગોમતીપુર (૫) ખોડિયાર નગર, હાટકેશ્વર (૬) બંસીધર એપાર્ટમેન્ટ, અમરાઇવાડી ૧૩૮ સહિત ચાલુ વર્ષ દરમિયાન કુલ ૫૧૯૨ એકમોને સીલ કરવામાં આવેલ છે.

સાયન્સ કાર્નિવલ-૨૦૨૩નો સાયન્સ સિટીમાં પ્રારંભ

આગામી સમય માટેની ટેક્નોલોજીથી સુસજ્જ કરવા ગુગલ જેવી કંપનીઓ સાથે મળીને પ્રયાસરત રહેવાની રાજય સરકારની નેમ : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપણી આવનારી પેઢીને આગામી સમય માટેની ટેક્નોલોજીથી સુસજ્જ કરવા ગુગલ જેવી ખ્યાતનામ કંપનીઓ સાથે મળીને પ્રયાસરત રહેવાની નેમ વ્યક્ત કરી છે. તેમણે આ સંદર્ભમાં જણાવ્યું કે આવનારા ૩ અઠવાડિયામાં રાજ્ય સરકારનો સાયન્સ ટેક્નોલોજી વિભાગ અને ગુગલ સાથે મળીને ૧૦ હજાર જેટલા લોકોને સાયન્સ સિટીમાં તાલીમ આપશે. નેશનલ સાયન્સ-ડે અવસરે અમદાવાદના સાયન્સ સિટીમાં સાયન્સ કાર્નિવલ-૨૦૨૩નો મુખ્યમંત્રીએ પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વિકાસના આગવા વિઝન અને વિશ્વકક્ષાની સુવિધાઓ ગુજરાતમાં નિર્માણ કરવાની વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની દીઘર્દ્રષ્ટિ આ સાયન્સ સિટી દ્વારા આપણે જોઇ શકીએ છીએ.

બાળકોને નાનપણથી જ વિજ્ઞાન ટેક્નોલોજીમાં અભિરૂચિ કેળવવા તેમણે શરૂ કરાવેલી સાયન્સ સિટી આજે વર્લ્ડકલાસ સાયન્સ સિટી બની ગઇ છે તેનો ભૂપેન્દ્ર પટેલે ગૌરવ સહ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે સાયન્સ-ટેક્નોલોજીમાં બાળકો, યુવાઓ રસ કેળવી શકે તે માટે વડાપ્રધાને નવી શિક્ષણનીતિમાં આધુનિક અને સમયાનુકુલ શિક્ષણને વેગ આપ્યો છે. એટલું જ નહિ, આ આખોય દશક તેમણે ટેક્નોલોજીનો દશક-ટેકેડ બનાવ્યો છે. ગુજરાતની વર્તમાન સરકાર પણ આ જ પરંપરાને અનુસરીને જિલ્લામથકોએ સાયન્સ સેન્ટર્સ સ્થાપવાની દિશામાં આગળ વધી રહી છે એમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું. આ પ્રસંગે ઇસરોના ડાયરેકટર નિલેશ દેસાઈએ જણાવ્યું હતું કે, સાયન્સ કાર્નિવલ ૨૦૨૩ ખરાં અર્થમાં વિજ્ઞાનનો મહાઉત્સવ છે. રાજ્યની આવનારી પેઢીમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ કેળવાય તેમજ જ્ઞાન સાથે ગમ્મતના અભિગમ થકી વિદ્યાર્થીઓ અને સાયન્સ પ્રેમીઓને યોગ્ય પ્લેટફોર્મ મળી રહે તે દિશામાં ગુજરાત સાયન્સ સિટી આવા અનેકવિધ રસપ્રદ કાર્યક્રમો યોજી રહી છે, તે ખરેખર પ્રશંસનીય બાબત છે. આગામી દિવસોમાં સાયન્સ સિટી દ્વારા યોજાનાર STEM ક્વિઝ માટે ૫ લાખ થી વધુ રજિસ્ટ્રેશન થયા છે, જ્યારે સાઉથ એશિયાનું સૌથી મોટું રોબોફેસ્ટ પણ અહીંયા યોજાવાનું છે - જેમાં કરોડોના ઇનામો વિજેતાઓને એનાયત કરવામાં આવશે એમ પણ નહેરાએ જણાવ્યું હતું.

ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડાયરેકટર જે.બી.વદરે સ્વાગત ઉદબોધન કર્યુ હતું. સાયન્સ કાર્નિવલના પ્રારંભ પ્રસંગે અમદાવાદના મેયર કિરીટભાઇ, ગુજકોસ્ટના એડવાઇઝર નરોત્તમ સાહુ, વિવિધ શાળાઓના બાળકો-શિક્ષકો આમંત્રિતો અને વિજ્ઞાન-ટેકનોલોજી વિભાગના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્ષે ઉનાળામાં હિટવેવની વધુ સંભાવના

શિયાળાની ધીરે ધીરે વિદાય સાથે ઉનાળાની શરુઆત : રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર જેવા શહેરોમાં તાપમાન ૩૫થી ૩૭ ડિગ્રી તાપમાન રહે તેવી સંભાવના

અમદાવાદ, તા.૨૮

આ વર્ષે રાજ્યમાં કડકડતી ઠંડી પડી હતી ત્યારે હવે રાજ્યના લોકોને આકરી ગરમી સહન કરવા તૈયાર રહેવુ પડશે. હવામાન વિભાગે આ માટે મોટી આગાહી કરી છે. રાજ્યમાં આગામી દિવસોમાં તાપમાનમાં ફેરફાર થવાની સંભાવના છે.

રાજ્યમાં શિયાળો ધીરે ધીરે વિદાય લઈ રહ્યો છે અને ઉનાળાની શરુઆત થઈ ગઈ છે. રાજ્યમાં હાલ મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યના કેટલાક શહેરોમાં સવારે ઠંડીનો ચમકારો જોવા મળે છે તો બપોરના સમયે સખત ગરમી પડી રહી છે અને ફરી સાંજે ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. જો કે હવામાંના વિભાગની આગાહી પ્રમાણે ઉનાળો શરુઆતના દિવસોમાં આકરો રહે તેવુ અનુમાન છે. રાજ્યમાં અમદાવાદ, ગાંધીનગર જેવા શહેરોમાં તાપમાન ૩૫થી ૩૭ ડિગ્રી તાપમાન રહે તેવી સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ વર્ષે ઉનાળામાં હિટવેવની સંભાવના વધારે રહેવાનું અનુમાન છે. છેલ્લા ઘણા દિવસથી રાજ્યમાં મિશ્ર ઋતુ વચ્ચે બપોરના સમયે સખત ગરમી પડી રહી છે. તાપમાન પણ બોપોરે વધારો જોવા મળી રહ્યો છે.

પ્રહલાદ મોદીને સારવાર માટે ચેન્નાઈની હોસ્પિ.માં દાખલ કરાયા

વડાપ્રધાનના ભાઈ-બહેનમાં પ્રહલાદ મોદી ચોથા નંબરે : અમદાવાદમાં કરિયાણાની દુકાન ચલાવે છે અને ટાયરનો શોરૂમ પણ છે

ચેન્નાઈ, તા.૨૮

વડાપ્રધાન મોદીના ભાઈ પ્રહલાદ મોદીને ચેન્નાઈની અપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ પ્રહલાદ મોદીને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૫ ભાઈ-બહેનમાંના પ્રહલાદ મોદી ચોથા નંબરે આવે છે. પ્રહલાદ મોદી અમદાવાદમાં કરિયાણાની દુકાન ચલાવે છે અને ટાયરનો શોરૂમ પણ છે. પીએમ મોદીને એક બહેન અને ૪ ભાઈ છે. સોમાભાઈ મોદી, અમૃતભાઈ મોદી, પંકજભાઈ મોદી, પ્રહલાદભાઈ મોદી અને બહેન વાસંતીબેન મોદી. સોમાભાઈ મોદી આરોગ્ય વિભાગમાંથી નિવૃત્ત થયેલા પીએમના મોટા ભાઈ છે. પીએમ મોદીના બીજા મોટા ભાઈ અમૃત મોદી એક ખાનગી કંપનીમાં મશીન ઓપરેટર તરીકે નોકરી કરતા હતા, જે હવે નિવૃત્તિ થઇ ગયા છે. પીએમ મોદી તેમના ભાઈ-બહેનોમાં ત્રીજા નંબરે છે. તે બાદ પ્રહલાદ મોદી ચોથા નંબરે આવે છે, જેમને હાલ સ્વાસ્થ્ય સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પંકજ મોદી પીએમ મોદીના સૌથી નાના ભાઈ છે.

કોમર્સનું આદર્શ માળખું ઘડવામાં ICAI મદદ કરશે

અનિકેત તલાટી અમદાવાદની મુલાકાતે : ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસનાં અભ્યાસક્રમાં મે, ૨૦૨૪થી નવો અભ્યાસક્રમ લાગુ પડશે, પ્રસ્તાવ કેન્દ્ર સરકારને મોકલાયો

અમદાવાદ, તા.૨૮

ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) નવી શિક્ષણ નીતિ હેઠળ દેશની તમામ યુનિવર્સિટીઓમાં કોમર્સનાં આદર્શ કોર્સ અભ્યાસક્રમનું માળખું તૈયાર કરવામાં મદદ પુરી પાડશે તેમ આઈસીએઆઈનાં પ્રેસિડેન્ટ સીએ અનિકેત તલાટીએ આજે આઈસીએઆઈના નેશનલ પ્રેસિડેન્ટ બન્યા બાદ તેમની અમદાવાદ બ્રાન્ચની પ્રથમ મુલાકાતમાં જણાવ્યું હતું. સીએ અનિકેત તલાટીએ જણાવ્યું હતું કે, આઈસીએઆઈ દ્વારા વિદ્યાર્થીઓ માટે ઘણા સુધારાઓ હાથ ધરવામાં આવ્યા છે. આઈસીએઆઈ દેશનાં ૭૦૦ જિલ્લાઓમાં કેરિયર કાઉન્સેલીંગ અને રિડીંગ લાયબ્રેરીની સ્થાપના કરશે. જેથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસનાં વ્યવસાયમાં કારકિર્દી બનાવવા ઈચ્છુક વિદ્યાર્થીઓને ઘરઆંગણે તક મળી શકે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસનાં અભ્યાસક્રમાં મે, ૨૦૨૪થી નવો અભ્યાસક્રમ લાગુ પડશે. આ અંગેનો પ્રસ્તાવ કેન્દ્ર સરકારનાં કંપની બાબતોના મંત્રાલયને મોકલી આપવામાં આવ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સુપર મેગા કેરિયર કાઉન્સેલીંગ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓની સર્વાધિક સંખ્યા સાથે આઈસીએઆઈનો એશિયા બુક ઓફ રેકોર્ડસમાં સમાવેશ થયો છે. આ કાર્યક્રમ આઈસીએઆઈની પાંચ રિજનલ કાઉન્સિલ અને ૧૨૪ બ્રાન્ચોમાં હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં ધો. ૯ થી સ્નાતક સુધીનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જમ્મુ અને કાશ્મીર અને લદાખનાં કેન્દ્ર શાસિત પ્રદેશો અને ઉત્તર પૂવર્ના રાજ્યોમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનાં અભ્યાસક્રમમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓમાટે ૭૫ ટકા ફી માફીની યોજના પણ તા. ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી વિસ્તારી છે.

ભારતીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ માટે ઈંગ્લેન્ડમાં પ્રેક્ટિસ કરવાની ઉજ્જ્વળ તક છે. આઈસીએઆઈ અને ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઈન ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ (આઈસીએઈડબલ્યુ)નાં જોડાણ પ્રસ્તાવને કેન્દ્રિય કેબિનેટે ગત સપ્તાહે મંજૂરી આપી છે. આમ આઈસીએઆઈનાં મેમ્બર હવે ઈંગ્લેન્ડમાં પણ આઈસીએ આઈડબલ્યુનાં મેમ્બર બની શકશે. જેના માટે તેમણે માત્ર બે પરીક્ષા પાસ કરવી પડશે, તેમ પણ સીએ અનિકેત તલાટીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે આઈસીએ આઈએ ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ સિંગાપોર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ (આઈએસસીએ)સાથે પણ જોડાણ કર્યું છે. આમ, સિંગાપોરમાં ઓછામાં ઓછું છ માસનું રોકાણ ધરાવતા આઈસીએઆઈનાં મેમ્બર આઈએસસીએનાં મેમ્બર પણ બની શકશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઓથોરાઈઝડ રિસાયકલર એજન્સી M/s. ECS Environment pvt ltd.ના સહયોગથી મુખ્ય કચેરી ખાતે "ઈ-વેસ્ટ કલેક્શન ડ્રાઈવ"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઈ-વેસ્ટ જમા કરાવીને પર્યાવરણના સંરક્ષણમાં યોગદાન આપ્યું હતું. મેયરે આ અવસરે કર્મચારી, અધિકારી અને મુલાકાતીઓને અનુરોધ કર્યો કે તેઓ પણ આ ઝુંબેશમાં જોડાઈને ગાંધીનગરને સ્વચ્છ બનાવવામાં સહભાગી બને.

૭૨ દિવસ બાદ દેવાયત ખાવડને શરતી જામીન

મયુરસિંહ રાણા નામના યુવાનને મારવાનો કેસ : ૬ મહિના રાજકોટમાં ન પ્રવેશવાની શરત

અમદાવાદ, તા.૨૮

રાજકોટના ચર્ચાસ્પદ મયૂરસિંહ રાણા પર હૂમલા કેસમાં સંડોવાયેલા લોકસાહિત્યકાર દેવાયત ખવડના આજે હાઈકોર્ટે જામીન મંજુર કર્યા છે. આ ઉપરાંત તેમને ૬ મહિના સુધી રાજકોટમાં ન પ્રવેશવાની શરત સાથે જામીન આપવામાં આવ્યા છે. આજે હાઈકોર્ટે જામીન મંજુર થયા છે. આજે ૭૨ દિવસના જેલવાસ બાદ દેવાયત ખવડના જામીન મંજુર થયા હતા.

રાજકોટ શહેરના સર્વેશ્વર ચોક નજીક પુષ્કર એપાર્ટમેન્ટ નજીકના આ સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતા જેમાં દેવાયત ખવડ અને અન્ય એક વ્યક્તિ કારમાં આવે છે અને એકાએક ધોકા સાથે ઉતરી મયુરસિંહ રાણા નામના યુવાન પર બેફામ માર મારે છે. અચાનક આસપાસના લોકો એકઠા થતા તેઓ નાસી છૂટ્યા હતા અને ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

આકરો બને છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાપમાનમાં વધારાની વાત કરીએ તો છેલ્લા ૪૮ કલાકમાં લઘુત્તમ તાપમાન ચાર ડિગ્રી જેટલુ અને મહત્તમ તાપમાન ત્રણેક ડિગ્રી જેટલુ વધ્યુ છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે માર્ચ મહિનાની શરૂઆતમાં જ ગુજરાતમાં આકરી ગરમી પડી શકે છે. મહત્તમ તાપમાન થોડાક જ દિવસોમાં ૪૦ ડિગ્રીની નજીક જઈ શકે છે.

સપ્તાહની મુદત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આડેધડ દબાણો કરી દેવાયા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. જેના લીધે ફુડકોર્ટના વેપારીઓમાં આંતરિક વિવાદ પણ અનેકવાર ઉઠવા પામે છે. જયારે મુલાકાતીઓને પણ આ દબાણો નડતરરૂપ બની રહ્યા છે. ફુડકોર્ટને અનુલક્ષી ફાળવવામાં આવેલા સ્ટોલ ફરતે શેડ પણ તાંણી બાંધવામાં આવ્યા છે. જયારે અન્ય દબાણો પણ વધી રહ્યા છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા આવા દબાણો સ્વેચ્છાએ દુર કરવા માટે જ વેપારીઓને નોટીસ આપવામાં આવી છે. જયારે નોટીસના અંતે એક સપ્તાહમાં ફુડકોર્ટના વેપારીઓ દ્વારા સ્વેચ્છાએ આ દબાણો દુર નહીં કરવામાં આવે તો તંત્ર દ્વારા સ્થળ પર દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. અગાઉ ફુડકોર્ટના ભાડાની ચુકવણી માટે સ્ટોલ ધારકોએ નિરસતા દાખવતા તંત્રએ સ્થળ પર પહોંચીને ભાડા વસુલી માટે કાર્યવાહી હાથ ધરી હતી. જયારે હવે દબાણો દુર કરવામાં પણ વેપારીઓ ત્વરિત જાગૃત નહી થાય તો તંત્ર પોતાની ટીમ સાથે બુલડોઝર સાથે સ્થળ પર પહોંચશે

પંપના ધારકો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૫૫ મહીનાથી વધ્યું નથી, તે અંગે આપણા ફેડરેશન તરફથી અનેક પત્રો લખ્યા, મીટીંગ કરી તેમ છતાં આપણું ડીલર માર્જીન વધાર્યુ નથી માટે ગુજરાચ રાજ્યના તમામ CNG ડીલરોએ તા. ૩જી માર્ચને શુક્રવારે સવારે ૭ કલાકથી CNGનું વેચાણ અચોક્સ સમય માટે બંધ રહેશ. જેમાં એક નોધ પણ લખેલી છે કે,ગુજરાત ગેસ ફ્રેન્ચાઈઝી ડીલર્સ પણ આપણી સાથે બંધમાં જોડાયા છે.

નોટીસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અવસાનના કિસ્સામાં પણ આવાસો ખાલી કરાયા ન હોવાથી આવા મકાનોમાં હજુ પણ અનઅધિકૃત કબજેદારોનો વસવાટ છે. જયારે આ આવાસો ખાલી કરી દેવા માટે તંત્ર દ્વારા અગાઉ નોટીસ પણ આપવામાં આવી છે. અગાઉ આવા કીસ્સામાં કોર્ટ કેસ પણ દાખલ કરવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક સમયથી પાટનગર યોજના વિભાગ અનઅધિકૃત કબજેદારોના કિસ્સામાં પુન : હરકતમાં આવ્યુ છે. જેના અંતે સેકટરોમાં વિવિધ કક્ષાના આવાસમાં વસવાટ કરતા અનઅધિકૃત કબજેદારોને નોટીસ આપવામાં આવી છે.સુત્રોના જણાંવ્યા મુજબ આવા ૧૨૫ કીસ્સામાં નોટીસ આપી દેવામાં આવી છે. જેના અંતે પણ મકાન ખાલી નહીં કરવામાં આવે તો તંત્ર કક્ષાએથી કડક કાર્યવાહી હાથ ધરાશે.

બેઠક વ્યવસ્થા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં શહેરમાં વિવિધ પાંચ સેન્ટરો પર ૨૩૩ બ્લોકમાં ૭૫૧૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં ૩૧૩ બ્લોકમાં ૯૩૨૦ વિદ્યાર્થીઓ માટે બેઠક વ્યવસ્થા ગોઠવાશે. ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી હવે માત્ર બે સપ્તાહનો સમય જ આડો રહ્યો છે જયારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે. વિદ્યાર્થીઓ પણ અંતિમ તબક્કાની તૈયારીઓમાં ગળાડુબ બન્યા છે. ગાંધીનગર જિલ્લાના વિવિધ ૫૪ જેટલા સેન્ટરો પર ૫૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજરી આપશે ત્યારે બોર્ડ પરીક્ષાના સફળ અને શાંતિપુર્ણ આયોજન માટે શિક્ષણ તંત્ર અને માધ્યમિક શિક્ષણ બોર્ડે પણ આખરી તૈયારીઓ કરી લીધી છે.

ફરજિયાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રાચીન તેમજ આધુનિક સાહિત્યનો વિશાળ ભંડાર છે. આ ભાષામાં ફિલ્મ, સંગીત અને લખાયેલ સાહિત્ય ભારતની રાષ્ટ્રીય ઓળખ અને ધરોહર છે.

મંત્રીશ્રીએ આ વિધેયક અંતર્ગત કરાયેલી દંડ-શિક્ષાની જોગવાઈઓ અંગે વિસ્તૃત માહિતી આપતા કહ્યુ કે, ગુજરાત બહારના નિવાસી હોય અને ગુજરાતની શાળામાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓને વાલીની લેખિત વિનંતી પર શાળા મુક્તિ આપી શકશે. 'ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક, ૨૦૨૩' વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યુ હતું.

રાજીનામા

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજીનામાના સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે સુપ્રીમ કોર્ટે મંગળવારે સિસોદિયાની અરજી ફગાવી દીધી છે. સિસોદિયાના વકીલને ટકોર કરતા, સર્વોચ્ચ અદાલતે તેમને પૂછ્યું કે શા માટે તેઓ રાહત માટે હાઈકોર્ટનો સંપર્ક કરતા નથી.

સેન્સેક્સમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

એશિયન પેઇન્ટ્સનો શેર ૩.૦૨ ટકા, બ્રિટાનિયાનો શેર ૧.૮૧ ટકા અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો શેર ૧.૪૩ ટકા વધીને બંધ રહ્યો હતો. એનએસઈ નિફ્ટીમાં સિપ્લાએ સૌથી વધુ ૪.૬૭ ટકાનું નુકસાન જોયું. એ જ રીતે હિન્દાલ્કો (૩ ટકા), ડૉ. રેડ્ડીઝ (ડૉ. રેડ્ડીઝ) ૨.૪૨ ટકા, ઓએનજીસી ૨.૦૯ ટકા અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ) ૨.૦૨ ટકા તૂટ્યા હતા.

આતંકી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક આતંકવાદી માર્યો ગયો છે. જો કે હજુ સુધી તેનો મૃતદેહ મળ્યો નથી. અથડામણ હજુ ચાલુ છે. આ અગાઉ રવિવારે આતંકવાદીઓએ કાશ્મીરી પંડિત પર ગોળીબાર કર્યો જ્યારે તે પુલવામા જિલ્લામાં સ્થાનિક બજારમાં જઈ રહ્યો હતો. આ ઘટના બાદ તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જો કે સારવાર પહેલા જ તેનું મોત નીપજ્યું હતું.

કંપની સમાચાર

દિવગી ટૉર્કટ્રાન્સફર સિસ્ટમ્સ લિમિટેડ

દિવગી ટૉર્કટ્રાન્સફર સિસ્ટમ્સ લિમિટેડ ("કંપની") ભારતમાં અતિ થોડા સપ્લાયર્સમાં સામેલ છે, જે સિસ્ટમ સ્તરના ટ્રાન્સફર કેસ, ટૉર્ક કપ્લર અને ડ્યુઅલ-ક્લચ ટ્રાન્સમિશન (ડીસીટી) સોલ્યુશન્સ પ્રદાન કરે છે. કંપની ભારતમાં ઓટોમોટિવ ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેનુફેક્ચરર્સ (ઓઈએમ)ને ટ્રાન્સફર કેસ સિસ્ટમ્સની અગ્રણી કંપનીઓ પૈકીની એક છે તથા ભારતમાં પેસેન્જર વ્હિકલ ઉત્પાદકોને ટ્રાન્સફર કેસ સિસ્ટમ્સની સૌથી મોટી સપ્લાયર છે. વળી કંપની ભારતમાંથી ટ્રાન્સફર કેસીસનું ઉત્પાદન કરતી અને આંતરરાષ્ટ્રીય ઓઈએમને એની નિકાસ કરતી એકમાત્ર કંપની પણ છે તથા ભારતમાં ટૉર્ક કપ્લર્સની એકમાત્ર ઉત્પાદક છે. કંપની ઈલેક્ટ્રિક વાહનો માટે ટ્રાન્સમિશન સિસ્ટમ્સ વિકસાવવા અને પ્રદાન કરવાની ક્ષમતા પણ ધરાવે છે તથા કંપનીએ ઈલેક્ટ્રિક વાહનો (ઈવી) માટે ટ્રાન્સમિશન સિસ્ટમ્સની પ્રોટોટાઈપ્સની ડિઝાઈન બનાવવાની અને વિકસાવવાની પ્રક્રિયા હાથ ધરી છે, જે માટે તેને એક બિઝનેસ એવોર્ડ પણ મળ્યો છે. ઉપરાંત કંપની એવી થોડી કંપનીઓ પૈકીની એક છે, જે આંતરરાષ્ટ્રીય ઓઈએમ અને ટિઅર ૧ ટ્રાન્સમિશન સિસ્ટમ્સ સપ્લાયર્સને સિસ્ટમ્સ સ્તરની સોલ્યુશન પ્રોવાઈડર તેમજ કમ્પોનેન્ટ કિટ સપ્લાયર તરીકે સેવા આપે છે. કંપનીએ ૦૧ માર્ચ, ૨૦૨૩ને બુધવારના રોજ ઈક્વિટી શેર્સ ("ઈક્વિટી શેર્સ")નો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. આ દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ ? ૫ છે. આ આઈપીઓમાં ૧૮૦ કરોડ સુધીના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને ૩૯,૩૪,૨૪૩ ઈક્વિટી શેરના વેચાણની ઓફર ("ઓફર ફોર સેલ") સામેલ છે. એક્કર રોકાણકાર માટે બિડિંગની તારીખ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૩ને મંગળવાર રહેશે. ઓફર ૦૩ માર્ચ, ૨૦૨૩ને શુક્રવારે બંધ થશે.